397

397

JAYA sat saṅgrāmakī yuddha gīto.

Bharuca: Bharuca Jillā Samiti, [1930].

32 p. 16 cm.

Nationalistic songs.

NAI 3158

PP Guj B 46; PIB 20/23

NATIONAL ARCHIVES OF

PIB 29
23

જય સત્ સંગ્રામકી

યુદ્ધ ગીતો.

પ્રથમ આવૃત્તિ

પ્રત ૫૦૦૦

તા. ૧-૫-૩૦

કીં. ૦—૦—૬

પ્રકાશક,

ભરૂચ જીલ્લા સમિતિ.

સેવાશ્રમ, ભરૂચ.

NATIONAL ARCHIVES OF INDIA



જય રણછોડ

માખણ ચોર

મોહન કનૈયો

માખણ ચોર

મોહન પંડ્યા

ડુંગળી ચોર

મોહન ગાંધી

મીઠા ચોર

જય રણછોડ

માખણ ચોર.

NATIONAL ARCHIVES OF INDIA

જય સત્ સંગ્રામકી

યુદ્ધ ગીતો.

૧

વૈષ્ણવજન.

વૈષ્ણવ જન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે
પર દુઃખે ઉપકાર કરે ને, મન અભિમાન ન આણે રે—
વૈષ્ણવ૦

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે
વાચ કાચ મન નિશ્ચલ રાખે, ધન્ય ધન્ય જનની તેની રે—
વૈષ્ણવ૦

સમ દૃષ્ટિ અને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે
જીહવા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે—
વૈષ્ણવ૦

મોહ માયા વ્યાપે નહિ જેને દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે
રામ નામશું તાળી રે લાગી સકળ તિરથ તેના તનમાં રે—
વૈષ્ણવ૦

વણ લોભી ને કપટ રહિત જે, કામ ક્રોધ નિવાર્યા રે
ભણે નરસૈયો તેનું દર્શન કરતાં, કુળ એકોતેર તાર્યા રે—

૨

શૂરવીર આવજો

(હરિ વેગુ વાય છે રે હો વનમાં—ચાલ)

શૂરવીર આવજો રે હો રણમાં
ઉત્સાહ ચેતન ભરજો તનમાં—શૂરવીર૦

ગજ ગજ ફૂદજો રે હો કોડે
બલિદાન દેજો જાતનાં જોરે—શૂરવીર૦

કરજો કેસરિયાં હો હરખે
પ્રભુ છે ઉભા પોતે પડખે—શૂરવીર૦

કાયર ભાગજો રે હો વનમાં
ભય જો લાગે પોતનો મનમાં—શૂરવીર૦

અવસર આવ્યો રે હો તરવા
નિશ્ચય કરજો જીતવા કે મરવા—શૂરવીર૦

ઝુંડો સતનો હો ફરકાવો
શાન્તિ પાળો સ્વરાજ ઘેર લાવો—શૂરવીર૦

ડંકો વાગ્યો રે હો વહાલા
યુવક ધજો રણમતવાલા—શૂરવીર૦

NATIONAL ARCHIVES OF INDIA



૩

૩ડો આંધીડો

ગાંધી તોરા રાજમાં ધોળી ટોપીવા ઘેર, ૩ડો આંધીડો
ગાંધી તોરા રાજમાં મીઠાચોર, ફરે છે લ્હેર, ૩ડો આંધીડો

જેલ આવે, બંદુક લવે,
પાછો પાની કરશો નહિ

ડરી ડરીને, કાયર થઇને,
કલક માથે લેશો નહિ

ગાંધી તોરા રાજમાં, શૂરવીર કરે છે લ્હેર, ૩ડો આંધીડો

પરદેશી કાપડ ભૂખેમરે,
વાપરવું એ શોભે નહિ

ભૂખે મરીને, ગુલામ બનીને,
જંજીરે જકડાશો નહિ

ગાંધી તોરા રાજમાં, બેકુત કરે છે લ્હેર, ૩ડો આંધીડો

અમલદાર એ ઝેરી જીવડા
પાસે જાવું છાજે નહિ

ખુંડાની નફટાઈ સામે
નજર સરખી કરશો નહિ

આંધી તોરા રાજમાં, ગસ્તેબ કરે છે લ્હેર, ૩ડો આંધીડો

NATIONAL ARCHIVES OF INDIA

મર્દો જેવા મર્દો થઈને
ગુલામી તમને શોભે નહિ
યાહોમ કરીને મુક્તિ માટે
મરતાં પણ અચકાશો નહિ

આંધી તોરા રાજમાં મરજીવા કરવા લ્હેર, રૂડો ગાંધીડો
સેતાની સરકાર સામે, તહારી છે ખુબ મ્હેર, રૂડો ગાંધીડો
આંધી તોરા રાજમાં ધોળી ટોપી રે ઘેર, રૂડો ગાંધીડો

૪

ઓ સરકાર ! ઓ સરકાર !

તોપ અને તલવારો તારી
બોંબ અને બંદુકો ભારી
વાપરવાની આવી વારો
છોડીશ ના તુમાખી તારી

બતાવ તારો ડાયરશાહી
ઓ સરકાર ! ઓ સરકાર !

કાંડાં બાવડાં સાબૂત તારાં
અજમાવી જોજે તું સારાં
રખે ચૂકતો નિશાન તારાં
ખુલ્લાં મુકયાં બદન હમારાં

NATIONAL ARCHIVES OF INDIA

આવી જા તું રાવણશાહી
ઓ શયતાન ! ઓ શયતાન !

સતની વાટ હમારી સાચ્ચી
પ્રભુ હશે ને હમપર રાજી
વાંકો વાળ થશે ના તુંથી
વળશે તારી બાજી ઉંધી
સમજી લેને, જાણી લેને
ઓ સરકાર ! ઓ સરકાર

૫

આદી ખરી ખાનદાન

આદી ખરી ખાનદાન,
વાહ મારો આદી ખરી ખાનદાન—ટેક
લાખોને પાળે, લાખો જીવાડે;
લાખોને શાન્તિ દેનાર—વાહ૦
ઉનાળે ઠંડક શિયાળે ગરમી;
આપે ચોમાસે આરામ—વાહ૦
નાણાં બચાવે નાણું વધારે;
નાણાંની રેલો ફેલાય—વાહ૦
કૃપાળા લાગે, રોગોને ડાકે;

NATIONAL ARCHIVES OF INDIA

ચોરી લબાડીનો નાશ—વાહ૦
ટાણે કટાણે કાળે દુકાળે,
ભાગ્યાની બીક ખસ—વાહ૦

૬

અમે ડરતા નથી સરકારથી

(અમે લાખી પ્રતિજ્ઞા પાળશું રે—એ રાગ)

અમે ડરતા નથી સરકારથી રે,
સદા ભજીએ ભલા ભગવાન—અમે૦

બીક રાખે મનુષ્યો બાયલા રે,
અમે બહાદુર ને બળવાન—અમે૦

બીક રાખે હલકો અળસુ રે,
હાથપગમાં અમારૂ તાન—અમે૦

માર ખાશું નહિ અમે કોઇનો રે,
નહિ વેઠી લેશું અપમાન—અમે૦

છેવરાશું નહિ અમે કોઈથી રે,
હવે રૂડું મળ્યું છે જ્ઞાન—અમે૦

બાપુના બોલ અમે પાળશું રે,
હવે રહ્યા નથી હેવન—અમે૦

NATIONAL ARCHIVES OF INDIA

૭

આઝાદી જંગ

(યહ અમે માંડયો રે જાલીમના જુલ્મો હરવા—એ રામ)

યુવકો ઝુકાવજો રે, ભારત આઝાદી જંગમાં
લાજે યુવાની ઘરમાં ભરાયે,
આવી ઝુકાવો જંગમાં—યુવકો૦

લાજે યુવાની કાયર બન્યાથી,
બેસો શૂરા સંગ્રામમાં—યુવકો૦

દીપે જુવાની મ્હાણું મેલ્યાથી,
ભરતાં થાએ રણરંગમાં—યુવકો૦

કરી કેસરીયા માંડોને મોરચા,
ભારત આઝાદી જંગમાં—યુવકો૦

૮

તમે ડરશો નહિ કદી જુલ્મથી રે

તમે ડરશો નહિ કદી જુલ્મથી રે,
જુલ્મીમાં નથી બળ કાંઈ—તમે૦
સત્ય પંથે સદા સહુ ચાલજો રે,
જુલ્મીના જુલમ કરો દૂર—તમે૦
જુલ્મીનો જલતું નશ છે રે,

NATIONAL ARCHIVES OF INDIA

સત્યવાદીનો જય જયકાર—તમે૦
સત્ય કાજે સહુન કરલે બધું રે,
ભરે માણુ ને ધડ જુદા થાય—તમે૦
જુલ્મ સામે નિડર થઈ ઝુઝલે રે,
ધરી સત્યરૂપી તલવાર—તમે૦

૯

જાગલે

ડંકો વાગ્યો, લડવૈયા શુર જાગલે રે
શુરા જાગલે રે કાયર ભાગલે રે
ડંકો વાગ્યો, લડવૈયા શુરા જાગલે રે
શુરા જાગલે રે, નિડર આવલે રે
ભાઈ આવલે રે, બે। આવલે રે
ડંકો વાગ્યો લડવૈયા શુરા આવલે રે

૧૦

આપણી લડત

યુધ્ધમાં, યુધ્ધમાં, યુધ્ધમાં રે
નહિ સરકાર ફાવે યુધ્ધમાં
પાંડવ સામે કૌરવ ઝુઝયા,
કૌરવ મરાણા યુધ્ધમાં રે—નહિ૦

NATIONAL ARCHIVES OF INDIA

રામજી સામે રાવણ ઝુઝયો
રાવણ રોળાયો યુધ્ધમાં રે—નહિ૦
શ્રી કૃષ્ણ સામે કંસ ઝઝુમ્યો
કંસ મરાણો યુધ્ધમાં રે—નહિ૦
દેવની સામે દાનવ ઝુઝયા
દાનવ હર્યા યુધ્ધમાં રે—નહિ૦
ગાંધીની સામે ગવર્નમેન્ટ ઝુઝી
ગવર્નમેન્ટ હારશે યુધ્ધમાં રે—નહિ૦
આપણી પાસે ન્યાય ને નીતિ
નીતિ જીતા જશે યુધ્ધમાં રે—નહિ૦
આપણી પાસે સાચી પ્રતિજ્ઞા
ટેકલા જીતશે યુધ્ધમાં રે—નહિ૦
લડવાનું ટાણું કરો મરીયાં
ડંકો વગાડો દેશમાં રે—નહિ૦

૧૧
પરદેશી કાપડ.

શરીર વેચ્યાં,
જીવન વેચ્યાં;
શિરે વેચ્યાં વિદેશીને,
વિદેશી વસ્ત્ર પહેરીને.

NATIONAL ARCHIVES OF INDIA

દીધાં છે ગામડાં બાળી,
કરાવ્યાં ઝુંપડાં બાકી;
સુકાવી ભૂમિ હુસ્યાણી,
વિદેશી વસ્ત્ર પહેરીને.

ભૂખે માર્યા હજારોને,
તજાવ્યા દેશ લાખોને;
કર્યા નાશા કરોડોને,
વિદેશી વસ્ત્ર પહેરીને.

જુવાનોનાં જોમ.

યુવાન જ્યારે ચાલે રાશે નેન ઝરે અંગારા,
દૃષ્ટિપાતે વીજ ઝબુકે સાંબે આભ તારા.
પાય પડે ત્યાં રજકણ બને પહાડો મોટા ઉઠે,
સૂતી ધરતી ઉઠે સાદે તિમાર પ્રકાશે દુબે.
યુવાન જ્યારે.—

યુવાન લજરે યૌવન તારૂં બેઠા હજી શું ભાળે!
મર્દ હોય તો બને અગરો ઉભો જુલ્મને બાળે.
દોહ્યો તમારૂં ચૂસીચૂસી મત્ત બન્યા એ તાબા,
પિંજર કરી તમ દેહતણાં એ બનો બેઠા અહિં રાજા.
યુવાન જ્યારે.—

NATIONAL ARCHIVES OF INDIA

હોંકાર કરી સહુ ઉઠો જ્વાનો કલંક નાંખો કાઢી,
પરદેશી એ તંત્રનો સાથે ગુલામી નાંખો બાળી.

મુક્ત ન જ્યારે.—

૧૩

ભારત દશા.

ધરતીના પટે પગલે પગલે.
મુઠી અન્ન વિના નાના બાળ મરે,
પ્રભુ હીન આકાશેથી આગ ઝરે.

અહો રાત કરોડ કરોડ ગરીબોના પ્રાણ ધનીકોના હાથ રમે,
ત્યારે હાયરે હાય બ્રીટિશ સેતાન તુંને મીઠાના કર તો શેલ્લે ગમે?

લથડી લથડી ડગલાં ભરતી,
લાખો નાર ગલી ગલીએ ફરતી,
સારી રાત ભૂખે મજુરી કરતી,
માસું બાળ પરે ટીચે જાગીને માંગશે ભાત વિચારો એ દેહ દમે,
ત્યારે હાયરે હાય બ્રિટિશ સેતાન તુંને દારૂના આવક શેલ્લે ગમે?

લાખો મીલ મજુરોની આંખ મહીં,
ઘુમે મૃત્યુની છાંય શું દીઠી નહિ,
એની યંત્રોમાં હાય પીસાઈ રહ્યા,
એની જીંદગી સારી રૂધિર ભીની કથની સમી કેમ સુઝે ન તને,
ત્યારે હાયરે હાય બ્રિટિશ તુંને ઝાઝેરા જુલ્મો તે શેલ્લે ગમે

મન ! છોડ નિહાળવા તારલિયા,
કાળાં કેદખાના કેરા બે સળિયાં,
એના આક્રંદ તેં નથી સાંભળિયાં ?

એની ભિતર મૌન એકલી રીબાઈ રીબાઈ હુન્નરોના પ્રાણ શમે,
અને હાયરે હાય બ્રિટિશ સેતાન તું'ને જેલના ઝુલ્મો તો શેષે ગમે.

સારા વિશ્વની ક્ષુધા શમશે,
ભૂખ્યાં બહુડાં પેટ ભરી જમશે,
પુરો રોટી પ્રતિ જનને મળશે.

૧૪

હરિનો મારગ.

હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ બોને,
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ બોને.
સૂત વિત દારા શીશ સમરપે, તે પામે સ્સ પીવા બોને,
સિંધુ મધ્યે મોતી લેવા, માંહી પઇયા મરજીવા બોને.
મસ્ત આગળે તે ભરે તે મૂઠી, દીલનો દુઓ વામે બોને,
તીરે ઉભા જુએ તમાસા, તે કોડી નવ પામે બોને.
પ્રેમપંથ પાવકની જ્વાળા, ઝાળો પાછા ભાગે બોને,
માંહી પડયા તે મહાસુખ માણે, દેખનારા દાઝે બોને.
માથા સાથે બાંધી વસ્તુ, સાંપડવી નહિ સહેલ બોને,
મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ બોને.

રામ અમલમાં રાતા માતા, પૂરા પ્રેમી પરખે પરને,
પ્રીતમના સ્વામીની લીલા, તે રજનીદન નિરખે નેને.

૧૫

સમશેર સારી ખલકની અમને નહિ તાબે કરે.

સમશેર સારી ખલ્કની અમને નહિ તાબે કરે,
અમ આદમ છે પ્રભુતેજ તે નહિ તુચ્છ થકે ગાભરે.–સમશેર૦
મહાયજ્ઞ છે અમ આદર્યો, પૂરો કરીશું હામથી;
વિઘ્નો કદી આવી પડે તો, હોમશું અમ જાતને.–સમશેર૦
લાંછન ગુલામી શીર લઈ, પાળ્યા પશુસમ જગકર્યા;
આંખો અમારી છે ખુલી, બસ થોડશું સૌ પાપને.–સમશેર૦
પર તેજ નહિ ભડકશું, પણ તેજ અમ જગ દાબશું;
જોશે બધી આલમ હવે, અમ હિન્દની તાકાતને.–સમશેર૦

૧૬

વીરહાક વાગે છે.

વાગે છે રે વાગે છે સાદ બાપુની વીરહાક વાગે છે;
ડોલે છે રે ટોલે છે જુલમોનાં રાજપાટ ડોલે છે.
ગુલામીના જુલમો ને હુકૂમની બેડીઓ,
ઝોકે તડકે તૂટે છે—સાદ બાપુની વીરહાક વાગે છે.

NATIONAL ARCHIVES OF INDIA

અધેરું આથમ્યાં ને ઓથાર ઓસર્યા,
રણનાં રણશિંગડાં વાગે છે—મારા બાપુની વીરહાક વાગે છે.
પટલાઈનાં પોથાં ને નોકરીનાં થોથાં,
ફોકો ફટાફટ ફેંકે છે—મારા બાપુની વીરહાક વાગે છે.
સરકારી શાળાનાં ભણતર મૂકીને,
જંગે જુવ નીકળ્યા ઝુકે છે—મારા બાપુની વીરહાક વાગે છે.
દૈતરાજ ફાટે ને રામરાજ વ્યાપે,
સતના ડંકા ગાજે છે—મારા બાપુની વીરહાક વાગે છે.
કાયરતા કાઢીને વીરતા વ્હોરા,
શૂરા સંગ્રામમાં ઝુઝે છે—મારા બાપુની વીરહાક વાગે છે.

૧૭

બાપુનો સંઘ.

મારા બાપુનો સંઘ, મારા બાપુનો સંઘ,
આવ્યો સ્વરાજ્ય ઘેર આણવા;
અમે માંડયો છે જંગ, અમે માંડયો છે જંગ,
શાન્તિના સ્વરંગ માણવા.—મારા બાપુનો૦
ચાલો ચાલો ત્રીસ કોટી, ચાલો ચાલો ત્રીસ કોડ,
માઠો સ્વરાજ રસ ચાખવા;
ચાલો શૂરા સૈનિક, ચાલો શૂરા સૈનિક;
શક્તિ તમારી બતાવવા;

ચાલો હિંદુ મુસલમાન, ચાલો હિંદુ મુસલમાન,
મોહું તમારું બતાવવા—માટે બાપુનો૦

૧૮

નહિ હઠશે નહિ હઠશે.

નહિ હઠશે નહિ હઠશે, બહાદુર-પાછા નહિ હઠશે.
લડશે લડશે સમરાંગણમાં, છોને ફના થવાય. પાછા૦
કુરબાની કરતાં નહિ થાકે, ધુમે રણમેદાન. પાછા૦
જુલ્મધંટીમાં છોને પીલે, સેતાનો સરકાર. પાછા૦
જુલ્મોથી રોળાયું જગનાં લાખો જુલ્મી રાજ. પાછા૦
૨ ચઢેલા સત્યાગ્રહીઓ નમાવશે સરકાર. પાછા૦

૧૯

તીર્થસ્થાન (જેલ)

હિમાલય પર્વતની ભલે,
નહિ કેદખાનું થઈ શકે !
સળીઆ ભલે લોહ તણા,
પિંજર કદા નહિં લાગશે !
મન જો હશે નિર્ભીક મારું,
શાન્ત ચિત્તે બાસ્થો.
એ પિંજર એ કેદખાનું,

NATIONAL ARCHIVES OF INDIA

તીર્થ જેવું માનશે.
જો પ્રેમ અંતરમાં હશે,
સ્વાતંત્ર્યમાં ત્રિલ ઝુકશે.
રે અંતરીક્ષે દેવ જેવું,
હૃદય છુટું થઈ જશે.

૧૦

સૈનિકને.

રે શિર સાટે સૈનિક તો થઈએ,
રે પાછું તે પગલું નવ ભરીએ. રે શિર સાટે૦
રે સમજ્યા વિના નવ ચીસ્તરીએ,
રે રણ મધ્યે જઈને નવ ડરીએ,
ત્યાં મુખ પાણી રાખો મરએ. રે શિર સાટે૦
રે પ્રથમ ચડે શૂરો થઈને,
રે ભાગે પાછો રણમાં જઈને,
તે શું જીવે ભૂંડું મુખ લઈને. રે શિર સાટે૦
રે પહેલું તે મનમાં ત્રેવડીએ,
રે હોડે હોડે જુધ્ધે નવ ચડીએ,
રે જો ચડીએ તો કટકા થઈ પડીએ. રે શિર સાટે૦
રે રંગ સહીત હરિને રટીએ,
રે હાક વાગે પાછા નવ હટીએ,
મહાત્માજી કહે ત્યાં મરી મટીએ. રે શિર સાટે૦

NATIONAL ARCHIVES OF INDIA

૨૧

ભારત પરદેશીએ પાયમાલ કીધું.

પરદેશીએ પાયમાલ કીધું,
ભારત પરદેશીએ પાયમાલ કીધું.
હીરા ને હેમ ગયા, કાગળ ને કાચ રહ્યા,
કથિર નાણું ચાલુ કીધું—ભારત૦
હાથની કળા હણી સૌ, સંચે હુન્દી તણી,
સંચે સત્યાનાશ કીધું—ભારત૦
અંગુઠા આંગળી કાપી કારીગરી,
ઢાકા મલમલ બંધ કીધું—ભારત૦
રિધિસિદ્ધિ સહુ ભારતે ભરી'તી બહુ,
પરદેશીએ ચુસી લીધું—ભારત૦
શૂરાનું શૂર ગયું, દેવત દેવોનું ગયું,
વીરોનું પણ પણ લીધું—ભારત૦

૨૨

પ્રતિજ્ઞા.

અમે લીધી પ્રતિજ્ઞા પાળશું રે,
ભલે કાયાના કટકા થાય. અમે૦
ભલે વરસે વરસાદ મહા જુલ્મનો રે,
ભલે થવાનું હોય ત થાય. અમે૦

NATIONAL ARCHIVES OF INDIA

અમે ગુજરાતનું નામ નહિ બોળશું રે,
ભલે માથું ને ધડ જુદાં થાય. અમે૦
અમે કીધાં કેસરિયાં પ્રેમથી રે,
ભારતનો રાખશું લાજ. અમે૦

૨૩

અમે સત્યાગ્રહી વીરો ખુશીથી જેલમાં જઈશું
અમારા દેશને માટે અમે તો કેદ સ્વીકારશું
ભલે સરકાર લૂંટીને ઘણાં જુલમો ગુજારે તો
છતાં ના ટેક છોડીશું અચળ શ્રધ્ધા અમારી છે
અમારા આત્મ બળથી હવે આ હિંદ જાગ્યું છે
ગુલામીથી થવા છૂટા અમારૂં તાન લાગ્યું છે
કરશું હિંદ મૈયાની અમે તો પ્રેમથી સેવા
અમારી ટેક જાળવવા લઢીશું એકયથી સેવા
ગયેલું દેશનું ગૌરવ અમે લાવી દીપાવીશું
અનેરી યુક્તિઓ શોધી ડંકો વગાડીશું

NATIONAL ARCHIVES OF INDIA

૨૪

રણે ચઢો.

સ્વતંત્રતાનો વાગે ડંકો શૂર સિપાહી રણે ચઢો
જુલ્મીઓની તુમાખી સામે મરદ બનીને લડો, લડો,
મુલક લૂંટાયો, સંપત ચાલી ભૂખે તરફડી બાળ મરે
જલીયાંવાળ ખુન સ્મરે છે ? ભીષણ હત્યા કાંડ કરે
લાલાજી રો નમ્રે કારી જતીન મૃત્યુ સ્મરો સ્મરો
ફાંસી લટકયા શહીદો કેરો માતાઓનાં આંસુ સ્મરો
જુલમની જ્વાળા ચોદિશ ભભકે જોતાં આંખા લાલ બને
મડદાં પણ કબરથી ઉઠે હિંદ હજી શું *હેવું તુને
ઉઠઉઠ ભારત ગુલામી આવી ભાર બની શું સહ્યા કરે
સ્વાધીન બનવા વિજયી મૃત્યુ લડતાં લડતાં મરેજ રણે
ઉઠઉઠ શૂર સિપાહી અંબી દુનીઆ રહી જો જોઇ તને
સંગીન ધા ઉર ઝીલતું સ્વાધીન આજે હિંદ બને

૨૫

પરદેશી તું પાછો જા.

કોણે મારી વાડી વીખી ? કોણે મીઠાં બાધાં બોર ?
વૃક્ષોને ઉખેડી નાંખ્યાં, કેવા રીતે પેઠા ચોર ?
જ્યાંથી આવ્યો ત્યાં તું જા;
પરદેશી તું પાછો જા;

NATIONAL ARCHIVES OF INDIA

આંબેલી વાડોને તોડ્યો, ફળ આરોગ્યાં અપરંપાર;
અમૃતમાં ઝેરી બી વાવ્યો, વર્તાવ્યો શો હાહાકાર ?

તું તારું પરવારો જા,
પરદેશા તું પાછો જા;

ધોળે દહાડે લૂંટી ભૂમિ, લૂંટી લીધા ધનભંડાર;
મહેલો ને માળાઓ લૂંટ્યાં, કયાંનો કહેવાયો સરકાર ?

ચોકઠું તારી લેતો જા;
પરદેશી તું પાછો જા;

ઝાંખે ઓલવાયો ? શા કાજે ! ઝાંખે નોંધ્યો છે રખવાળ !
છોટો છેટ્યો મુલક તારો, જ્યાં તારું ઘર સંભાળ.

તું તુજ રૈયતનો રાજા;
પરદેશી તું પાછો જા;

ભારત તો તેત્રીશ કોટિ ન, ખેડે જેનાં સાવજ બાળ;
હુંકારે ગર્જે, ત્યાં ભાગે, આજે તારો કાળ કરાળ.

મુઠીવાળી નાસી જા;
પરદેશી તું પાછો જા;

પાછો જા, તું પાછો જા, પરદેશી તું પાછો જા.

NATIONAL ARCHIVES OF INDIA

૨૧

૨૬

રઘુવીર ટોપીવાળાને શીદ મોકલ્યો ?
હાંરે તારા બ્રાહ્મણ જોશીડા ભાગી ગયા
હાંરે એનાં ટીપણાં તણાતા જાય રે—રઘુવીર.
હાંરે તારા રજપૂત બાપાં ભાગી ગયા
હાંરે એનાં ખાંડા તણાંતાં જાય રે—રઘુવીર.
હાંરે તારા વાણીયા વેપારો ભાગી ગયા
હાંરે એની મુડી તણાતી જાય રે—રઘુવીર.
હાંરે તારા કણબી લાખેણો ભાગી ગયો
હાંરે એનાં ધરતી તણાતી જાય રે—રઘુવીર.
હાંરે તારા ઢેડ વણકરીઆ ભાગી ગયા.
હાંરે એની સાળો તણાતી જાય રે—રઘુવીર.

૨૭

કદી નથી હારવું.

કદી નથી હારવું, હવે નથી હારવું—ટેક૦
ભલે જાનમાલ જાય—કદી૦
કેદ આવે, ફાંસી આવે,
તોપ ને તલવાર આવે;
ઓગ્ય ને બન્દુક આવે—તોયે નથી૦
જીવીને સ્વરાજ લેશું,

NATIONAL ARCHIVES OF INDIA

મરશું તો મુક્તિને વરશું;
શુરામી ના વેઠશું—કહી૦
જુઠ્ઠા સામે સાચ ખેલે,
દાનવ સામે દેવ ખેલે;
એવો આ સંગ્રામ ખેલે—કહી૦,
ઈશ્વરની આશીષ વરસે,
ભલે ના હથિયાર પાસે;
નિશ્ચે હવે જીત થાશે—કહી૦

૨૮

સત્યનો સંગ્રામ.

સત્યનો માંડયો છે સંગ્રામ, પ્યારી જાદૃભૂમિને કાજે,
ઝીંક્યાં કેસરીયાં આ વાર. —પ્યારી૦
અમને મળ્યા શૂરા સરદાર, જેણે કંપાવી સરકાર,
લડવા થયા અમે તૈયાર. —પ્યારી૦
અમને થયુ ખરેખર ભાન, જિલ્લામાં ફેલાયું છે તાન;
કરશું કાર્યાને કુરબાન. —પ્યારી૦
તોપને તલવાર આવે, એથી નહિ સરકાર ફાવે;
સાચો કર્યો અમે પડકાર, હઠશે પરદેશી સરકાર;
લડશું સર્વે હારોહાર.
આશું ને ધડ જુદા થાય, તોપણ ડગશું નહિ તલભાર;
સત્યાગ્રહનું છે હથિયાર. —પ્યારી૦

NATIONAL ARCHIVES OF INDIA

મળ્યા ગાંધી સમા સરદાર, નિશ્ચે નમશે આ સરકાર;
સાધ્યું અસહકાર હથિયાર —પ્યારી૦
આખી પ્રજા બની છે એક, ધરને સાટે લીધી ટેક;
ભારતનો સાચો નેક. —પ્યારી૦

૨૯

અમે રોપ્યો સત્યાગ્રહ માંડવો રે,
નથી દેવો સરકારને સાથ—અમે૦
ઉલટો ચોર દંડે શાહુકારને રે,
એવા જુલમો સામે બધું હુલ—અમે૦
નથી ગમતુ કાયર થઈ જીવવુ રે,
અમર મૃત્યુ શૂરાનું કબુલ—અમે૦
ડગી જાશે પ્રતિજ્ઞા તોડશે રે,
એના જીવતરમાં પડી ધૂળ—અમે૦
નહિ ચેતે સરકાર જો આ સમે રે,
એની સત્તાનાં ઉખડયાં મૂળ—અમે૦

૩૦

દુઃખ પડે તે વા રે ઠેલે
મસ્તક જાય તો જાલે રે
નહિ ડગલું ભરવું—૧

NATIONAL ARCHIVES OF INDIA

૨૪

પીંડ પડે તો પડવા રે દેજો
જીવડો જાય તો જાજો રે
નહિ ડગલું હઠતા—૨
ઉંચે બાંધો નીચે અગ્નિ પ્રજાળે
માર મુશળના ખાજો રે
નહિ ડગલું હઠતા—૩
લોક નિંદે તેને નિંદવા રે દેજો
રાજા દંડે તો દંડાજો રે
નહિ ડગલું હઠતા—૪
નરનારીને દાસ વલ્લભ કહે
નહિ ડગલું હઠતા—૫

૩૧

'ઝુક પડો.' (સવૈયા)

ધગ ધગ ધીકે હોળી હિંમાં, શૂર નાયકો જ્યાં હોમાય;
હીનભાગી હિંદી—જન ભોજન ખુણે બેસાને કેમ ખવાય.
આવો અવસર આવું ટાણું; ફરીફરી કદી નહિ મળનાર;
મોજ શોખ તું અબળા તજી દે, થા હોમાવાને તૈયાર.
ભારતમાતા પોકારતી કે, "ઝુક પડો, અબ ઝુક પડો;"
(તો) ભારતનાં સંતાન તમે, હવે વિચાર તે શા શાજ ઘડો.

NATIONAL ARCHIVES OF INDIA

હિંદ-માતના પય ,રસ અન્ને, બહો વધ્યો તુજ દેહ નર્યો;
ચા ઘડીએ જો જ્ઞમ કરે તો, ધિક્ક ધિક્ક તેં જન્મ ધર્યો.

૩૨

સાચાં સંતાન સુણો હિંદનાં.

વણિક સરકારે હિંદ લૂંટીયું રે,
લૂંટ્યા સર્વે ધનધાન (૨)—
સાચાં સંતાન સુણો હિંદનાં—ટેક૦
અજ્ઞાનની દોલત તણાઇ ગઇ રે,
રહ્યું તમને મોં ભાત (૨)—સાચાં૦
દેશભરનાં વેપારી ભલા જાગજો રે,
તજો વિદેશી માલ (૨)—સાચાં૦
ધર્મ સંકટ ગણી આદરો રે,
રૂડો સ્વદેશી વેપાર (૨)—સાચાં૦
કરના બોજા બહુ આકરા રે,
નથી ખમાવાનું ધાન (૨)—સાચાં૦
કાયા ઢાંકણ ીણ સંકડાં રે,
જન ઝાઝાં પોડાય (૨)—સાચાં૦
સર્વે બંધુ તંથી ત્યાગજો રે,
ણુરો સ્વદેશાભિમાન (૨)—સાચાં૦

NATIONAL ARCHIVES OF INDIA

ચેલો ચેલોને આજ હોળીએ રે,
હોમી પશ્ચિમનો મેલ (૨)—સાચાં૦
શું હિંદી ફટ આજે નફટ થયા રે,
નથી લેશ દેશ દાઝ (૨)—સાચાં૦
આખેરી જંગ આજ માંડાયા રે,
હોમ્યો વસ્ત્ર મોહ-મોજ (૨)—સાચાં૦

૩૩

પ્રતિજ્ઞા

(મેરે) શિર જાવે તો જાવે, મેરી આઝાદી ધર આ...વે;
ચે જાન કુના હો જાવે, મેરી આઝાદી ધર આ...વે.—૧
ને આગે કદમ ઉઠાયા, અબ નહિ વો હટને વા....લા;
ને યકીન હમને પાયા, વો કભી ન કટને વા...લા.—૨
યે નૌજુવાનકી સેના, અબ નહિ હૈ રુકને વા...લી;
યે ગરદન ઉંચી ઉઠાઈ, નહિ જુલ્મસે ઝુકને વા...લી.—૩
યે સિતમ કે કરનેવાલે, ચલ બંદુક જલ્દ ઉઠા...લે;
હમ ખડે હૈં ધરકે સીના, અબ ગોળી ચલાને વા....લે.—૪
વર્ષોસે રહે ભડકતે, ચલ અપની પ્યાસ બુઝા...લે;
ને તલબ હૈ જાલમ તેરી, બસ આખર આજ મિટા...લે.—૫
હમ ખુની જુગરકે પ્યાલે, દુરમનકો પીલાને વા...લે;
હમ નહિ હૈ બુઝદિલ આદમ, હમ કહા સો કરને વા...લે.—૬

NATIONAL ARCHIVES OF INDIA

મંજુર હમે હૈ મરના, ચલ અપના સાજ સજા...લે;
બલ બતાદે તાકત તેરી, અબ હમ નહિ થકને વા...લે.—૭

હમ મરેંગે લડતે લડતે, નહિ લડાઈ મરેને વા...લી;
મૈદાને ન હોગા ખાલી, જબતક ના હો ખુશ હા...લી.—૮

૩૪

"અમે હિન્દી હિન્દી હિન્દી !!!

અમે ભરતભૂમિના પુત્રો, અમ ભાત પુરાણ પવિત્ર;
રે જેના સુંદર સૂત્રો, ઝળકાવે ઉચ્ચ ચરિત્ર.
અમ અંતરને ઉદ્દેશી, કરશું હોકાર હમેશ;
અમે હિન્દી હિન્દી હિન્દી. હિન્દ અમારો દેશ.
આધાર વિષે અથડાતાં, કે ફરતાં નિત્ય પ્રકાશ;
પડતાં રડતાં રગડતાં, કે કરતાં હાસ્ય વિલાસ.
પળપળ અમ ઉરનિધિએ શે, હા ઉછળે ઉર્મિ અશેષ;
અમે હિન્દી હિન્દી હિન્દી, છે હિન્દ અમારો દેશ.
કયાં હશે હિમાલય જેવો, કયાં પુણ્ય પવિત્રજ ગંગ;
કયાં મળે અલૌકિક, એવા, સહુ દેશ તણા બહુ રંગ.
કયાં મુનિ ઈશ્વરજન જેવી, કરતા પ્રભુ પંથ ઉજેશ;
અમે હિન્દી હિન્દી હિન્દી, છે હિન્દ અમારો દેશ.
કયાં રામ યુધિષ્ઠિર ધુમ્યા, કયાં ગર્જ્યા અર્જુન ભીમ;
કયાં રજપૂત વીર ઝઝુમ્યા, બળ દાખવવા અસીમ !

NATIONAL ARCHIVES OF INDIA

રે ભૂલીએ તે સંતે શી, અમ અંતરથી લવ લેશ;
અમે હિન્દી હિન્દી હિન્દી, છે હિન્દ અમારો દેશ.
"નથી રે જીવવું પર આશે, છે પારકી આશ નિરાશ;"
"નથી કર ધરવો કો પાસે, સ્વાશ્રયનો છે ઉલ્લાસ."
કંઈ પુણ્ય પ્રભાજ પ્રવેશી, અહિં દે અમને ઉપદેશ;
અમે હિન્દી હિન્દી હિન્દી, છે હિન્દ અમારો દેશ.
ધમ ધમ ધરણી ધ્રુજવશું, અમ દેશ તણાં કરી ગાન;
જય જય જય નાદ કરીશું. દઈશું મોંધા અમ પ્રાણ.
એ ભક્તિ વસો ઉર, તે શો, દેજો શક્તિ ધરમેશ;
અશ હિન્દો હિન્દી હિન્દી, છે હિન્દ અમારો દેશ.

૩૫

યુવાનોને સંદેશ. (ભજન)

અવસર નહિ આવે આવો, યુવાનો તૈયાર થઇ જાઓ–ટેક.
ત્યાગ શાન્તિનું સજી બખતર રણ મેદાને આવો
યુવાનો રણ મેદાને આવો.
અહિંસાનું શસ્ત્ર લઇને (૨) દેશની વારે ધાઓ
યુવાનો યુવાની ઝળકાવો–૨
મોજ શોખ સહુ મુકી વેગળા, હમણાં તૈયાર થાઓ
યુવાનો હમણાં તૈયાર થાઓ.
ભારત માતના હાકલ પડી છે (૨) મમ માળ વા· ધાઓ
યુવાનો સહુ સાથ ઝંપલાવો–૨

મીઠા કરની મવિત્ર લડતમાં, સહુ જન દોડી આવો
યુવાનો સહુ જન દોડી આવો..
જોય નહિ ધ્રિમંત પાસે તો (૨) વનમાં ભાગી જાઓ
જરા તમો શરમાઓ–૨
દુષ્ટ કરોની સામે થતાં ધર્મ તમારો માનો
યુવાનો ધર્મ તમારો માનો.
અહિંસા શાન્તિથી લડતાં (૨) મૃત્યુ ધન્ય પ્રમાણો
મૃત્યુનો ડર ત્યાગો–અવસર.

૩૬

શૂરા જીતે સંગ્રામ.

શૂરા જીતે સંગ્રામ—માથાં મેલી
એ શૂરાનાં કામ—માથાં૦
લડવા ટાણે શૌર્ય બતાવે
તુચ્છ ગણે ધનધામ—માથાં૦
ટેક નિભાવે નામ ઉજાળે
કાયા કરે કુરબાન—માથાં૦
હઠવાનું તો નામ ન જાણે
છાતીએ ઝીલે બાણ—માથાં૦
જુલ્મીના જુલ્મોચ્યે છેદે
ન્યાય કાજે લડનાર—માથાં૦
સત્યના કાજે લડનારનું
મૃત્યુ અમર ગણાય—માથાં૦

NATIONAL ARCHIVES OF INDIA

૩૭
કોણ છે ?

શસ્ત્રો વિના સંગ્રામ પર ચઢનાર એવો કોણ છે ?
કાચા સુતરના તારથી લડનાર કોણ છે ?
શસ્ત્રો નહિ પણ સત્યથી લડવું સદા યજ્ઞમાં,
સૂત્ર ધર્મનાં સૂત્રો નવાં ઘડનાર એવો કોણ છે ?
શૂરા સમરમાં મારી ને જય મેળવે છે તે ખરૂં,
પણ જે મરી પોતે કરે જયકાર એવો કોણ છે ?
તાર સૂતરનો નથી હાથયાર છે સ્વરાજ્યનું,
દેશને મહામંત્ર સૂચવનાર એવો કોણ છે ?
નવ ખંડમાં લોકો નમે છે આજ જેના નામને,
મુખ શબ્દથી સંસાર ડોલવનાર એવો કોણ છે ?
દેવ પણ નિજ દેવ સમજી ને ઉતારે આરતી,
દેવના પણ દેવનો અવતાર એવો કોણ છે ?
આજે અમે કહીએ છીએ દેશના શયદા અમે,
પણ દેશની નૌકા ઉતારે પાર એવો કોણ છે ?

૩૮
શુદ્ધિનો યજ્ઞ.

યજ્ઞ અમે માંડયો રે તનમનની શુદ્ધિ કરવા.
આવો ને રેંટીઓ ઘરઘરમાં વસાવશું,
દુઃખનો દરિયો તરવા—યજ્ઞ૦
ઢાંકતાડોને ઢકનાવી દઈશું,
કોઠીમાં બાર રૂડી ભરવા—યજ્ઞ૦

NATIONAL ARCHIVES OF INDIA

ખોટાં ઘરેણાં ખાડ માં ફેંકશું,
ચેપો રોગથી ઉગરવા—યજ્ઞ૦
સાદા જીવનની લીધી પ્રતિજ્ઞા,
ગાંધીના પંથમાં ભળવા—યજ્ઞ૦
બાપુના પ્રેમ ભા હૈયામાં ઝીલ્યા,
જાત હોમી દેશસેવા કરવા—યજ્ઞ૦

૩૯

લોહી ચૂસે.

લોહી ચૂસે દિનરાત-દ ફતાડો—લોહી૦.
ભ્રષ્ટ કરે છે સઘળી નીતિ,
અધમ બનાવે જાત-દાઢતાડો—લોહી૦
ભાન ભૂલાવે, મારા મરાવે;
તોડી પડાવે દાંત—દાઢતાડી—લોહી૦
કેફ ચઢાવે ને ભટકાવે,
બગડાવે છે જાત—દાઢતાડો—લોહી૦
નાણું લુંટાવે દેવું કરાવે,
દાઢડીઆનીજ જાત-દાઢતાડી—લોહી૦
ખેતર વાડી સેવ વેચાવે,
ગંદા શિખાવે વ.ત—દાઢતાડો—લોહી૦
બાપુ ગાંધીજી શિક્ષણ આપે,
દાઢ તળે નસ્યા—દાઢતાડી—લોહી૦

NATIONAL ARCHIVES OF INDIA

૪૦

દારૂ તું છોડી દેને રે.

દારૂએ ઉધું માર્યું દારૂડીઆ,
દારૂ તું છોડી દેને રે !
તાડી તું છોડો દેને રે!—દારૂએ૦

જમીન જમીન વેચી ખાધા (૨)
ખાતુ તો વ્યાજમાંહિ ડુલ્યુ દારૂડીઆ—દારૂડીઆ

હળ બળ વેચી ખાધા (૨)
બળદતો વ્યાજમાંહિ ડુલ્યા દારૂડીઆ—દારૂડીઆ

ગાલ્લી બાલ્લો વેચ્યો ખાધો (૨)
ઝુંસરી તો વ્યાજમાં ડુલી દારૂડીઆ—દારૂએ૦

બૈયર હૈયર વેચી ખાધો (૨)
પોયરા તો વ્યાજમાં ડુલ્યા દારૂડીઆ—દારૂએ૦

પોલીસે વેઠમાં પકડયો દારૂડીઆ
પૈહામાં તો ટપલા મળ્યાં (૨)
વ્યાજમાં તો ભૂંડી ગાળો દારૂડીઆ—દારૂએ૦

પારહીની નોકરીમાં ચાલ્યો દારૂડીઆ
ઘણી મટી ઢોર થયો દારૂડીઆ
દારૂએ ધાણ તો વાળ્યો દારૂડીઆ—દારૂએ૦

NATIONAL ARCHIVES OF INDIA



૧

વન્દેમાતરમ્.

સુજલામ્ સુફલામ્ મલયજ શીતલામ્
શસ્યશ્યામલામ્ માતરમ્ વન્દે૦
શુભ્રજ્યોત્સ્ના પુલકિત યામિનીમ્
પુલ્લ કુસુમિત-દ્રુમદલ શોભિનીમ્
સુહાસિનીમ્ સુમધુરભાષિણીમ્
સુખંદામ્ વરદામ્ માતરમ્ વન્દે૦

શુર સંગ્રામ કો દેખ ભાગે નહિ
દેખ ભાગે સોહી શુર નહિ,

× ×

રાષ્ટ્રધ્વજકી જય, ભારત માતાકી જય, ગાંધીજીકી જય,
જવાહરલાલકી જય.

વન્દેમાતરમ્.

NATIONAL ARCHIVES OF INDIA

કે શૂરા હોય સો સંગ ચલે ને નહિ ભારકા કામ રે,
કે કેસરીઆ ભાઈ વાધા પહેરો, ને હો જાવ લાલશુલાલ રે.

NATIONAL ARCHIVES OF INDIA

મુદ્રકઃ—રમણિકલાલ ઠાકોરલાલ સુખડીઆ.
મુદ્રણસ્થાનઃ—ધી કેસરિસ પ્રેસ, સેવાશ્રમ, ભરૂચ.